

મે ૨૦૧૨
કિંમત ₹ ૧૨/-
દાદા ભગવાન પરિવારનું
અક્રમ
એક્સપ્રેસ
રજા... એ... મજા !!!



# અક્રમ એક્સપ્રેસ

## રજા.... એ.... મજા !!!

### સંપાદકીય

બાળમિત્રો,

સરસ મજાનું વેકેશન પણ છે અને સરસ મજાની ગરમી પણ છે. ને આ ગરમીમાં ઠંડક આપતું આ સરસ મજાનું અક્રમ એક્સપ્રેસ ખાસ રજાની મજાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે. ઘણી બધી વાર્તાઓ એ આ અંકનું ખાસ આકર્ષણ છે. અને સાથે બીજુ પણ ઘણું બધું નવું નવું છે જે તમને ખૂબ ગમશે. તો થઈ જાઓ તૈયાર વાંચવા માટે....

- ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા


મીઠી યાદેં 1
સુખી માણસનું પહેરણ ૨
ભગવાન તો 'ભાવ'ના ભૂખ્યા ૪
ખાનદાની ૫
દાદાજી કહે છે... ૯
ભાવ વિજ્ઞાન ૭
ફુડ કોર્નર ૧૧
ચાલો રમીએ... ૧૨
ઐતિહાસિક ગૌરવગાથાઓ ૧૪
જાણવા જેવું ૧૯
કિડ્સ કેમ્પ ની ઝલક ૧૭



**તંત્રી તથા સંપાદક :**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૪, અંક : ૯
સળંગ અંક : ૪૫
*મે ૨૦૧૨*



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
**અમદાવાદ:** (૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯

**રાજકોટ ત્રિમંદિર :** ૯૨૭૪૧૧૧૩૯૩
**વડોદરા :** (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
**મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.:** ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.:** ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org



**Printed, Published and Owned by :**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Published at Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printing Press:-**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# મીઠી વાતેં

નીરુમાની સેવામાં એક બહેન હતા. નીરુમાને મળવા આવનાર લોકોના ટાઈમ સેટ કરવાની સેવામાં એ હતા. નીરુમાએ એને કહેલું કે તારે તારી પાસે થોડો નાસ્તો રાખવો જેથી તને ભૂખ લાગે ત્યારે ખાવા થાય. તેથી એ બહેને એની પાસે સેવ-મમરાનો ડબ્બો રાખ્યો હતો.

એક વખત નીરુમાએ પૂછ્યું, "તારી પાસે શું નાસ્તો છે ? લઈ આવ." પેલી બહેન તો ફટાફટ જઈને સેવ મમરાનો ડબ્બો લઈ આવી અને નીરુમાને આપ્યો. નીરુમાએ મુઠ્ઠી ભરી અને ખાવા ગયા. ત્યાં તો પેલી બહેને એમને રોકતા કહ્યું, "આ નહીં ખાવ નીરુમા. આ ચાર-પાંચ દિવસના જૂના છે. હું તમારી માટે બીજા લઈ આવું છું." આ સાંભળી નીરુમાએ કહ્યું, "કેમ ? તું તો આ જ ખાય છે ને ? પછી મને શું વાંધો છે ?" એમ કહી મુઠ્ઠી ભરી મમરા ખાધા.

બે-ત્રણ દિવસ પછી એ બહેનને ખબર પડી કે પોતાના ડબ્બામાંથી મમરા ખાઈને નીરુમા એ તપાસ કરતા હતા કે રસોડે ખાવા પીવાનું બધું કેવું બને છે.

જોયું મિત્રો, નીરુમા ઘરમાં બેઠાં બેઠાં બધું જ ધ્યાન રાખતાં હતા.

ભાઈબીજનો દિવસ હતો. નીરુમાએ એમના ભાઈ - ભાભીને જમવા બોલાવ્યા હતા. જમવામાં પાઉંવડા અને પેપ્સી હતા. બધાનું જમવાનું પૂરું થઈ ગયું એટલે નીરુમા રસોડામાં આવ્યાં. બે બ્રહ્મચારી બહેનો જમતી હતી. નીરુમા ખુરશી લઈ ત્યાં બેસી ગયાં. બે માંની એક બહેને પેપ્સી નહોતી લીધી. આ જોઈ નીરુમાએ એને પૂછ્યું, તેં કેમ પેપ્સી નથી લીધી? બીજી બહેને જવાબ આપ્યો, " એ પેપ્સી નથી પીતી. " આ સાંભળી નીરુમાએ કહ્યું, "મને એક પેપ્સી આપ."



બંને બહેનોને નવાઈ લાગી. નીરુમાએ તો જમી લીધું છે તો પેપ્સી કેમ માંગે છે ? પેલી બીજી બહેને તરત ઉઠીને નીરુમાને નવી પેપ્સી ખોલીને આપી. નીરુમાએ એમાંથી બે - ત્રણ ઘૂંટડા પીધા અને જે બહેન પેપ્સી નહોતી પીતી એને આપીને કહે, "લે હવે પીજા. " આ જોઈ પેલી બહેનના મોઢાં પર એકદમ ખુશીનું હાસ્ય ફરકી ગયું, હવે આ પેપ્સી, પેપ્સી ન રહી પણ નીરુમાની પ્રસાદી બની ગઈ હતી. નીરુમાની પ્રસાદી કોણ ન લે ? એણે પેપ્સી લીધી અને બાકીની બધી ગટગટાવી ગઈ.

જોયું મિત્રો, નીરુમા બધાંનું જમવામાં બહુ ધ્યાન રાખે. બધાંને બધી વસ્તુ મળી છે કે નહીં, બધા બરાબર ખાય છે કે નહીં અને પ્રેમથી બધાંને ભાવતા ભોજન જમાડતા.



# સુખી માણસનું પહેરણ

એક ગામ હતું. હશે ત્રીસેક હજારની વસતી. ગામના રાજાનું નામ ત્રિવિક્રમ હતું. રાજા ભારે વિલાસી. એક બાજુ પ્રજાનાં દુઃખ દર્દોની પૂરી કાળજી કરે. પણ બીજી બાજુ વિલાસમય જીવન જીવે. વધુ પડતા ભોગસુખને માણવા જતાં રાજા માંદા પડ્યા. સખત માંદગી આવી. એમાં વળી અનિદ્રાનો રોગ લાગુ પડ્યો. માંદગી અસહ્ય બની ગઈ.

એક દિવસ એક સાધુ રાજમહેલે આવી ચડ્યા. એને રાજાની પાસે લઈ જવામાં આવ્યા. રાજાને જોઈને તે એની માંદગીના મૂળમાં પડેલા વિલાસને જાણી ગયો. વધુને વધુ સુખી થવા માટે તેણે વધુને વધુ ભોગસામગ્રીઓનો, રાણીઓ વગેરેનો કેવો ખડકલો કરી દીધો હતો ? તે બધું જાણ્યું અને જોયું. અરેરે ! આમ છતાં રાજા તૃપ્તિ પામી શક્યો ન હતો.

તેમણે કહ્યું, "મહારાજા ત્રિવિક્રમ ! જો કોઈ સુખી માણસનું પહેરણ લાવીને આપને પહેરાવાય તો ચોવીસ કલાકમાં રોગ નિર્મૂળ થઈ જાય."

રાજાએ નોકરોને તેવું પહેરણ લાવવા માટે ચારે દિશામાં દોડાવ્યા. રાજાને મન સુખી માણસો એટલે જેઓ બંગલામાં રહે, મોટી હવેલીઓમાં રહે, મોટા નગરોમાં રહે. શ્રીમંતાઈમાં આળોટતા હોય અને માન-સન્માનથી ફાટફાટ થતા હોય. એટલે એક પહેરણ લાવવું એ કંઈ બહુ મોટી વાત ન જણાઈ.

નોકરો શહેરોમાં ધસી ગયા. જે કોઈને શ્રીમંત કલ્પ્યા, તે બધાને પૂછ્યું. પરંતુ ભારે આશ્ચર્યની વાત બની કે મોટા મોટા કરોડપતિઓ અને અબજપતિઓએ પણ પોતે સુખી હોવાની ના પાડી. બધાને કોઈ ને કોઈ દુઃખ તો હતું જ.

હવે શું કરવું ? નોકરો શહેરોને છોડીને ગામડાંઓમાં ધસી ગયા. પણ ત્યાં ય એ જ હાલત.

અરે ! પછી તો જંગલોમાં પહોંચ્યા. બાવાઓને મળ્યા. સારી દુનિયાની ફીકર છોડીને જે ફકીર બન્યા હતા તેઓ પણ દુઃખી નીકળ્યા. ક્યાંક આપસમાં ઝગડા હતા તો ક્યાંક ક્રોધ બધું બાળીને ખાખ કરતો હતો. ક્યાંક પરલોકના સુખોની લાલસા તીવ્ર બની હતી.

છેવટે નોકરો પર્વતો ઉપર ચડ્યા. ત્યાં ફરતાં ફરતાં તૂટેલી ફૂટેલી ઝૂંપડીમાં બેઠેલો એક 'માણસ' જડી આવ્યો. એક પોતડી સિવાય તેના શરીર પર કંઈ ન હતું. તેના મુખ પર સુખની આભા જોઈને નોકરોએ તેને પૂછ્યું, "તુ ખરેખર સુખી છે ?"

તેણે ઉત્તર આપ્યો, "હા, હું સુખી છું. મારે કોઈ વાતનું દુઃખ નથી."

આ સાંભળી નોકરોએ તેને રાજા પાસે આવવાની વિનંતી કરી. તેણે કહ્યું,

"ભાઈઓ, મારે શા માટે રાજા પાસે આવવું જોઈએ ?

મારે તેનું કોઈ કામ નથી.''

નોકરોએ કહ્યું, ''અરે ભાઈ, રાજાને તારું કામ છે, માટે તું ચાલ.''

પેલા માણસે કહ્યું, ''રાજાને મારું કામ હોય તો તે અહીં આવે.'' આમ તે એકનો બે ન થયો.

અંતે નોકરો નગરમાં પાછા ફર્યા. મંત્રીઓને વાત કરી. રાજાની માંદગી દર કલાકે વધતી જતી હતી. મંત્રીઓ મારતે ઘોડે, પૂરપાટ વેગે તે માણસ પાસે ગયા.


હાથ જોડીને નમસ્કાર કરીને મંત્રીઓએ ભારે આદરથી એને નગરમાં પધારવાની વિનંતી કરી. પેલા માણસે કહ્યું, ''મારે રાજા પાસે આવવાની કશી જરૂર નથી. મને કોઈ વાતનું દુઃખ નથી. હું તમામ રીતે સુખી છું. તમે લાખ ઉપાય કરશો તો ય હું આવનાર નથી.''

મંત્રીઓને તેના અફર વચનની ખાતરી થતાં તેમણે કહ્યું, ''ભલે ભાઈ! તો એક કામ કરો. તમે તમારું પહેરણ અમને આપો. અમે તે લઈ જઈએ. એ માટે તમે કહો તેટલી સોનામહોરો આપીએ.''

માણસે કહ્યું, ''ભાઈ, પહેરણ હતું ત્યારે તો હું દુઃખી હતો. એ કાઢી નાંખ્યા બાદ હું સંપૂર્ણ સુખી બની ગયો છું. મારી પાસે પહેરણ નથી. કશું ય નથી.''

એણે આગળ ચલાવ્યું, ''ભાઈઓ! મારી પાસે ઘણું હતું. પણ તે 'ઘણું' જ મને ત્રાસરૂપ બન્યું હતું. ત્યાં સુધી મને સંતોષ થતો જ નહોતો. પછી હું ઓછું કરતો ગયો. જેમ જેમ ઘટાડતો ગયો તેમ હાશ.... હાશ.... થતી ગઈ. હું વધુને વધુ આનંદ અનુભવવા લાગ્યો. છેલ્લે મેં પહેરણ પણ ફેંકી દીધું અને ત્યારે મારો આનંદ સીમા બહારનો વધી ગયો. જેટલી જરૂરિયાતો ઓછી તેટલા સુખી વધુ.''

બિચારા મંત્રીઓ! હવે શું કરે? વીલા મોંએ તેઓ રાજા પાસે પાછા ફર્યા. રાજાને પેલા ભાઈની સઘળી વાત કરી, પહેરણ ન લાવી શકવા બદલ દીલગિરી બતાવી. રાજાના છેલ્લા શ્વાસ ચાલી રહ્યા હતા. મંત્રીઓની વાત સાંભળી, મુનિ રાજાને શું બોધ આપવા માંગતા હતા એ રાજાને સમજાઈ ગયું. હવે તેમને મરણનું દુઃખ ન રહ્યું. પોતાની ભૂલોની માફી માંગતાં માંગતાં તેઓ મૃત્યુ પામ્યા.



**ખરેખર! સુખ સંતોષમાં છે.**

# ભગવાન તો 'ભાવ'ના ભૂખ્યા



કોઈ ભક્તને ત્યાં સ્વામી સહજાનંદે પધરામણી કરી. ભક્તાણી ખરેખર ભક્તાણી હતા. તેમણે સ્વામીજી માટે ભાવથી બધી રસોઈ તૈયાર કરી.

સ્વામીજીને જમાડ્યા. પછી સ્વામીજીને એ ભોળી બહેને ભાવવિભોર બનીને કહ્યું, "સ્વામીજી ! હવે દૂધ લાવું ?" સ્વામીજીની ઈચ્છા નહી હોવા છતાં તેની ભાવધારા તૂટી ન જાય એ ખાતર તેમણે દૂધ લાવવાની હા પાડી.

ભક્તિથી ગાંડીઘેલી બની ગયેલી એ બહેન દૂધને બદલે છાશની દોણી ઉઠાવી લાવી અને બે-ત્રણ વાર ગ્લાસ ભરી ભરીને સ્વામીજીને છાશ પાઈ.

દરેક ગ્લાસ પીતા સ્વામીજી બોલતા ગયા, "દૂધ તો એવું સરસ બનાવ્યું છે કે બસ, પીધા જ કરવાનું મન થાય."

પેલી બહેનને જો એ ખ્યાલ આવી જાય કે પોતે દૂધને બદલે છાશ આપવાની ભૂલ કરી રહી છે તો તેને ખૂબ દુઃખ થાય. આવું ન થવા દેવા માટે સ્વામીજીએ નાટક કર્યે રાખ્યું. અને પેલી બાઈ પણ ખૂબ પ્રફૂલ્લિત રહી.

સ્વામીજીની વિદાય પછી જ્યારે એ બહેનને પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો ત્યારે એમની માફી માંગવા તરત એ એમના ઉતારે દોડી.

સ્વામીજીએ પ્રેમથી કહ્યું, "બહેન ! તેં એટલા બધા હેતથી અમને છાશ પાઈ કે ખરેખર એ અમને દૂધ કરતાં પણ ખૂબ મીઠી લાગી."

સામાના દિલને જરાય ઠેસ ન પહોંચે એની કેવી કાળજી !

# ખાનદાની

એક નગરમાં રામદાસ નામે શેઠ રહેતા હતા. ખરા અર્થમાં તેઓ રામદાસ હતા. એમના ઘરે એક બેન રહેતી. નાની આઠ વર્ષની હતી ત્યારથી જ એ શેઠના ઘરનું બધું કામકાજ કરતી હતી. વફાદારી અને પ્રામાણિકતા માટે શેઠ એના પર અનહદ ખુશ હતા. ગમે ત્યારે શેઠ અને શેઠાણી આખું ઘર એને સોંપીને નીકળી જતા.



એક દિવસની વાત છે. રાબેતા મુજબ બાઈને ઘર સોંપીને બધા બહાર ફરવા ગયા હતા. કોઈ કારણથી એમને ધારણા કરતાં વહેલું આવવાનું થયું. ઘરમાં દાખલ થતાં જ શેઠે જોયું કે બાઈ કબાટ ખોલીને થોડીક રકમ (પૈસાની નોટો) કેડના છેડે ખોસતી હતી.

પોતાને શેઠ જોઈ ગયા છે. એવી જો બાઈને ખબર પડી જાય તો બેનને પકડાઈ ગયા બદલ ખૂબ આઘાત લાગે. આવું ન બને, માટે શેઠે જાણે એ તરફ જોયું જ નથી તેવો દેખાવ કર્યો અને ઘરમાં બીજે બારણેથી અંદર પ્રવેશ કર્યો. બાઈ તરત કામમાં પરોવાઈ ગઈ.

શેઠાણી ચૂપચાપ આ દૃશ્ય જોઈ રહ્યાં. શેઠનાં દરેક કાર્ય પર અતૂટ શ્રધ્ધા હોવાથી તેઓ પણ કંઈ ન બોલ્યાં. તે રાતે શેઠાણીએ શેઠને એમના આવા વર્તન પાછળનું રહસ્ય પૂછ્યું.

શેઠે ખૂબ પ્રેમથી જવાબ આપતા કહ્યું, "જે બેન સમગ્ર જીવન અણિશુદ્ધ પ્રામાણિક રહી હોય તેને એક ભૂલમાં ઉઘાડી પાડવી એ તો મારી નરી ક્રૂરતા કહેવાય. એની આ એક ભૂલ ઉપર એનું આખું જીવન ધૂળ ભેગું ન જ કરી શકાય. હું એના ઘરે તપાસ કરીશ. નક્કી એ કોઈ આપત્તિમાં હોવી જોઈએ."

શેઠનો જવાબ સાંભળી શેઠાણીનું મસ્તક આદરભાવથી ઝૂકી ગયું. આનું નામ ખાનદાની.





પ્રશ્નકર્તા : આદર્શ વિદ્યાર્થીનાં જીવનમાં કયાં કયાં લક્ષણોની જરૂર છે ?

દાદાશ્રી : વિદ્યાર્થીને, ઘરમાં જેટલા માણસો હોય એ બધાને રાજી રાખવાની જરૂર અને પછી સ્કૂલમાં પણ જે જોડે હોય, એ બધાને રાજી રાખવા. જ્યાં જઈએ ત્યાં આપણે બધાને રાજી રાખવા અને પોતાનાં ભણતરમાં જ ધ્યાન રાખવું.

મોટા હોય એની જોડે સારી રીતે બોલે, સારી રીતે વર્તન કરે, એની સામું ના બોલે, એ આદર્શ કહેવાય.

રાજી રાખતાં આવડે તને ? શી રીતે રાજી રાખું ?

પ્રશ્નકર્તા : બધાની સાથે સારી રીતે વર્તવું.

દાદાશ્રી : હા, બસ, સારી રીતે! ને કોક ખરાબ રીતે વર્તતું હોય તો ?

પ્રશ્નકર્તા : હજુ સુધી કોઈ ખરાબ રીતે નથી વર્ત્યું.

દાદાશ્રી : હા, પણ વર્તે તો શું કરું ?

પ્રશ્નકર્તા : એને સાચા માર્ગે લઈ જવા પ્રયત્ન કરું.


દાદાશ્રી : નહીં તો તે ઘડીએ ખસી જવું આપણે. જેમ આ ગાય માથું મારતી હોય ત્યારે આપણે ખસી જવું. સમજ પડી ને ? અને ગાયને પછી કાંકરો નહીં મારવાનો.

પ્રશ્નકર્તા : આ છોકરાઓ છે ને આ એમના મા બાપો છે, બધાને એવો કંઈ રસ્તો બતાવો કે એમને સમજાય કે સામાજિક જીવન કેવી રીતે જીવવું જોઈએ ?

દાદાશ્રી : પરસ્પર બધાને સુખ આપવાનો પ્રયત્ન કરે. ને દુઃખ તો આપવું જ નહીં. સુખ જ આપવાનો પ્રયત્ન કરે.

પ્રશ્નકર્તા : સુખની વ્યાખ્યા ? કેવી રીતે આપવું ?

દાદાશ્રી : પોતે મા-બાપને આધીન જ રહેવું પડે. છોકરાઓ બાપના આધીન વર્ત્યા કરે. બાપના કહ્યા પ્રમાણે, ના ગમે તોય બાપના આધીન વર્ત્યા કરે, પછી વિચાર કરે, તો એને શાંતિ વળે, સુખ થાય મહીં, અવળો જો ના ચાલે તો.




પ્રશ્નકર્તા : એમાં સુખ કેવી રીતે ઉત્પન્ન થાય ?

દાદાશ્રી : બાપના કહ્યા પ્રમાણે ચાલે. તો પરવશતા તો પોતાને લાગે કે આ પરવશતા છે, પણ પછી સુખ લાગે એમાં.

પ્રશ્નકર્તા : એટલે મા-બાપના કહ્યા પ્રમાણે ચાલવું જોઈએ. એ નક્કી વાત થઈ.

દાદાશ્રી : ચાલવું જ જોઈએ ને ?! સંસાર એનું નામ જ કહેવાય.

પ્રશ્નકર્તા : એટલે મા-બાપનો રાજીપો મેળવવો જોઈએ ?

દાદાશ્રી : ત્યાં મા-બાપનો રાજીપો મેળવવો જોઈએ, બધુંય કરવું પડે.

પ્રશ્નકર્તા : સંસારમાં પહેલી ફરજ તો આ જ કહેવાયને, મા-બાપને કિંચિતમાત્ર દુઃખ ન થાય, મન-વચન-કાયાથી કોઈપણ રીતે, એ પહેલી વાત.

દાદાશ્રી : મા-બાપ એકલાને નહીં, દરેકને, કાકા, મામા, ફૂવા, કોઈને દુઃખ ન થાય એવી ફરજ બજાવવાની છે.


૧૬

## તમારી નાનકડી વાર્તાની ચોપડી કેવી રીતે બનાવશો?


૧. પીન પત્તુ ફાડી લો, જ્યાં કાતર દેખાડી છે, એ લાઈન પર કારતથી કાગળ કાપો.


૨.બાજુમાં દેખાડ્યા પ્રમાણે પાના નંબર જોઈ એકની નીચે એક એમ ગોઠવો.


૩. ગોઠવ્યા બાદ પાનાની થપ્પીને વચ્ચેથીવાળો અને ત્યાં સ્ટેપલર મારો.






**તમારી પોકેટ સ્ટોરી બુક તૈયાર!!!**










૨
ભગવાન મહાવીરની સામે એક
આચાર્ય મહારાજ ધ્યાનમાં બેઠા હતા.



૧૫
આ તો નવી જ વાત !
બહાર ખોટી ક્રિયા પણ અંદર સારા ભાવ = ઉંચી ગતિ
બહાર સારી ક્રિયા પણ અંદર ખોટા ભાવ = અધોગતિ



થોડી વાર પછી.
પ્રભુ, અત્યારે કઈ ગતિમાં જાય ?
અધોગતિમાં.



૧૩
એટલે બહાર જે કરીએ છીએ
એનાથી નહીં, પણ તે વખતે
અંદર જે ચાલે છે એનાથી
આવતો ભવ બંધાય છે !



૧૨
અને છેલ્લે એમને પોતાના ક્રોધ પર પસ્તાવો થવા લાગ્યો અને પોતે પાછા આત્મામાં સ્થિર થઈ ગયા તેથી મોક્ષે જાય.



૫
ફરી થોડી વાર પછી.
પ્રભુ, હવે ?
હવે મોક્ષે જવાના.



૧૦
એટલે ?
પહેલા આચાર્ય સંયમ માર્ગની ધન્યતા અનુભવતા હતા. તેથી જીવ છૂટે તો દેવગતિમાં જાય.


૭
નવાઈ લાગે છે ?


૬
મહારાજ તો ધ્યાનમાં
જ લીન છે.
છતાં જુદી જુદી ગતિ ?


૧૧
થોડી વાર પછી એમને એમના શિષ્યોની
ભૂલો યાદ આવવા લાગી અને એમના પર
ક્રોધ ભભૂકવા લાગ્યો. તેથી અધોગતિ થાય.


૮
અને થોડી થોડી વારે પાછી
ગતિઓ બદલાય છે.
એવું કઈ રીતે બને ?


૯
અમને જે દેખાય છે, એ તમને દેખાતું નથી
અને તમને જે દેખાય છે, એ અમે જોતા નથી.



# ફૂડ કોર્નર



## ઠંડી વસ્તુ વધારે રોગ

પ્રશ્નકર્તા : બારે મહિના આ ફ્રીઝનું ઠંડું પાણી પીએ તે અમુક રીતે નુકસાનકારક તો ખરું જ ને?

દાદાશ્રી : બહુ નુકસાનકારક. એ તરત ખબર ના પડે, ઘણે દહાડે ખબર પડે.

પ્રશ્નકર્તા : બહુ ઠંડું પાણી પીએ એટલે ભૂખ ઓછી લાગે?

દાદાશ્રી : હા. ભૂખ ઓછી લાગે. શરીરમાં અમુક કેલરી ગરમી રહેવી જ જોઈએ. તેને બદલે આ ટાઢું પાડ પાડ કરે છે. ગરમી તો મહીં છે નહીં ને પાછું ટાઢું પાડે છે. ગરમી એ મુખ્ય વસ્તુ છે. અને ગરમીના આધારે આ બધું ચાલી રહ્યું છે.

પ્રશ્નકર્તા : શિયાળો સારો નહીં?

દાદાશ્રી : શિયાળો સારો, પણ તે કોને સારો ? બિલકુલ તંદુરસ્ત માણસ હોય તેને અને છોકરાંઓને ! બીજા બધાને શિયાળો ખરાબ, કારણ કે જેનામાં ગરમી ઘટી એ બધાને શિયાળો ખરાબ. જેને ખૂબ ગરમી છે તેને માટે શિયાળો બહુ સરસ.



પ્રશ્નકર્તા : આઈસ્ક્રીમેય અંદર ગયા પછી ગરમ થાય ને?

દાદાશ્રી : આ એકંદરે ઠંડું માત્ર ખોટું. આ લોકોને તો મનમાં એમ થાય કે કશો વાંધો નથી, બાકી ના ખવાય. ઠંડાં-પીણાં, ઠંડી વસ્તુ એ લેવા જેવી વસ્તુઓ નથી. ઠંડું ક્યાં સુધી કે માટલું વધારેમાં વધારે ઠંડું થાયને, ત્યાં સુધીનું ઠંડું પાણી આપણાથી લેવાય. બાકી આવું આઈસ જેવું ઠંડું તે લેવાતું હશે? ઠીક છે કો'ક દહાડો હોય તો વાંધો નહીં. એનો કંઈ નિયમ ના હોય ? જે લે છે ને તેને હોજરી ઉપર અસર થાય છે. ને આ તો મનમાં ખુશ થયા કરે. જેટલાં ટાઢાં પીણાં પી પી કર્યા કરે એ બધું વિરુદ્ધ કહેવાય. વિરુદ્ધ આહાર, વિરુદ્ધ પીણું બધું નુકસાન કરે.

## આઈસ્ક્રીમની અસરો



પ્રશ્નકર્તા : મને આઈસ્ક્રીમ બહુ ભાવે છે.

દાદાશ્રી : મને આઈસ્ક્રીમ આપે તો બોજો લાગે વગર કામનો કે આની શી જરૂર છે? બીજો એ ખાવા રાહ જોઈને બેસી રહ્યો હોય. તું કેટલી ખઈ જઉં?

પ્રશ્નકર્તા : દસેક ડિશ.

દાદાશ્રી : જે હાથમાં આવ્યું તે પેટમાં નાખી દેવાનું ? એવું તે હોતું હશે ? એક જણ તો શેર (અડધો કિલો) આઈસ્ક્રીમ ખાઈ ગયો હતો. અલ્યા, મહીં પૂછ તો ખરો ! મહીં પૂછવું ના જોઈએ કે, 'ભાઈ તમે કેવી રીતે પચાવશો ? પચાવતા હોય તો મહીં નાખું.' આ તો પૂછતાગાછતા નથીને ! હવે એ આજે મરી ના ગયો એટલે લોક શું જાણે છે કે 'કશોય વાંધો નહિ, જુઓને પચી ગયું ને ?!' અલ્યા, મહીં રોગ પેસી ગયો ! એ રોગ અંદર જામ્યા વગર રહે નહીં. આજે મરી ના ગયો, પણ સો ટકા રોગ થઈ ગયો હોત તો મરી જાત. થોડાક ટકા ઓછા રહ્યા એટલે રહી ગયું પછી આ પેલી કેન્સરની ગાંઠો નીકળે છે ને ? કેન્સરનાં બધાં દર્દ છે ને ? તે એનાં છે. પૂછ્યા કર્યા વગર મહીં રોજ નાખ, નાખ, નાખ, નાખ કરે ! જાણે આ કારખાનું ના હોય?

# ચાલો રમીએ...

## ૧

દોસ્તો,અહીં આપેલા ચિત્રને જો તમે ધ્યાનથી જોશો તો ચિત્ર સોળ ટુકડાઓમાં વહેંચાયેલું છે, પણ તમારેઆ ચિત્રમાં આપેલા બધા જ ટુકડાને એવી રીતે જોડવાના છે કે એ ચિત્ર પહેલાં જેવું જ બની જાય.તમારામાંથીજે બાળક આ ચિત્રને જોડી દેશે તે બનશે જિનિયસ! તો ચાલો, તમારે બનવું છેને જિનિયસ!




## ૨

મિત્રો, આ એકદમ નવી પઝલમાં દરેક ચોકઠાંમાં આડાઅવળા અક્ષરો જોઈને ચોંકી ન જતા. આ જ તો રમત છે. તમારે આ ચોકઠાંમાં આપેલા શબ્દોમાંથી એક વાક્ય બનાવવાનું રહેશે. તો શોધો...

(૧)

| | | |
|---|---|---|
| રે | વો | વ |
| સુ | ના | ભ |
| ભા | ભ | વ |
| | ધા | |

જવાબ:............................

(૨)

| | | | |
|---|---|---|---|
| હે | ખ | વ | સા |
| છે | વા | નો | ર |
| પૈ | એ | તુ | ગ |
| ગુ | | | ર્ચ |

જવાબ:..................................

## 3

મિત્રો આ પઝલમાં શબ્દોની ગોઠવણી કરવાની છે. દરેક ચોકઠામાં આડાઅવળા થઈ ગયેલા શબ્દોને એવી રીતે ગોઠવો કે આડી-ઊભી લાઈનમાં સરખા શબ્દો બને. ઉદાહરણ અમે આપી દીધું છે. હવે આગળ વધો...

ઉદાહરણ

| | | |
|---|---|---|
| ગા | લં | બુ |
| દ | જી | દ |
| ર | ર | લં |

| | | |
|---|---|---|
| બુ | લં | દ |
| લં | ગા | ર |
| દ | ર | જી |

(૧) આડી ઊભી: બુલંદ (૨) આડી ઊભી: લંગાર
(૩) આડી ઊભી: દરજી

| | | |
|---|---|---|
| ઉ | લ | મ |
| લ | ણા | કે |
| ર | કે | મ |


| | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |

| | | |
|---|---|---|
| દી | વુ | તા |
| ન | મં | ર |
| ર | તા | દી |

| | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |

## ૪

બોલને બાસ્કેટમાંથી પસાર કરો....



## ૫

નીચેના ચિત્રમાંથી ૧૨ તફાવત શોધો...





# ઐતિહાસિક ગૌરવગાથાઓ


કૃષ્ણ વાસુદેવના ગજસુકુમાર નામના એક નાના ભાઈ હતા. તેઓ દેખાવે ખૂબ સ્વરૂપવાન હતા. સોમલ નામના બ્રાહ્મણની એક સુંદર પુત્રી સાથે તેમનું સગપણ થયું હતું. પરંતુ લગ્ન થયા પહેલાં ભગવાન નેમિનાથની દેશના સાંભળી તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને દીક્ષા લઈ તેઓ ત્યાગી બન્યા.

પોતાની પુત્રીનો સંસાર મંડાતા પહેલાં જ વિખરાઈ ગયો. અને એનું કારણ બન્યા એમના જ જમાઈ ગજસુકુમાર. આ જોઈને સોમલ બ્રાહ્મણને ભયંકર ક્રોધ આવ્યો. તેઓ ગજસુકુમારની શોધ કરવા નીકળી પડ્યા.

આ બાજુ ગજસુકુમારને તમામ કર્મોને ક્ષય કરી પરમ સુખને પ્રાપ્ત કરવાની ભાવના તીવ્ર બની. ભગવાન નેમિનાથની આજ્ઞા લઈને તેઓ એક સ્મશાનમાં ઉગ્ર તપ કરવા લાગ્યા.

ગજસુકુમારને શોધતો શોધતો સોમલ બ્રાહ્મણ એ જ સ્મશાનમાં આવી પહોંચ્યો. ગજસુકુમારને સાધુવેશમાં જોઈને એને મનમાં તીવ્ર વેર ઊભું થયું અને રોષ ભભૂકી ઉઠ્યો.

બરાબરનો પાઠ ભણાવવાના ઈરાદાથી એણે આમ તેમ નજર કરી. પણ સ્મશાનમાં તો શું મળે ? થોડીવાર પહેલાં જ ત્યાં કોઈ મૃતદેહને અગ્નિદાહ દેવાયો હોવાથી ત્યાં ધગધગતા અંગારા સળગતા પડ્યા હતા. આ જોઈ સોમલની આંખો ચમકી. એણે કોમળ ગજસુકુમારના



માથા પર ચીકણી માટીની વાડ કરી અને અંદર પેલા ધગધગતા અંગારા ભર્યા.

થોડી વારમાં ગજસુકુમારનું માથું સળગવા માંડ્યું. કોમળ દેહ બળવા માંડયો એટલે સોમલ ત્યાંથી જતો રહ્યો. અસહ્ય વેદના થવા લાગી. ધીમે ધીમે ખોપરી ફાટવાની થઈ.


આત્મજ્ઞાન પ્રાપ્ત કરેલા ગજસુકુમારને દીક્ષાની વેળા યાદ આવી. દીક્ષા વેળા ભગવાને એમને કહ્યું હતું કે, કોઈ દુઃખ આવી પડે ત્યારે યાદ રાખજે કે આત્મા આકાશ જેવો સૂક્ષ્મ છે. કોઈ દુઃખ સૂક્ષ્મને અડી શકે નહીં.

ભગવાનના શબ્દો યાદ આવતા ગજસુકુમાર આત્મામાં સ્થિર થયા.

"અગ્નિ તો સ્થૂળ છે અને મારું સ્વરૂપ આકાશ જેવું સૂક્ષ્મ છે. અગ્નિ મને શી રીતે બાળી શકે ?" એમના હૃદયમાં કિંચિત ક્રોધ કે દ્વેષ જન્મ પામ્યો નહીં. ઉલટું એમણે વિચાર્યું, "જો ! હું એની પુત્રીને પરણ્યો હોત તો એ પરણતી વખતે મને પાઘડી બાંધત. એ પાઘડી તો થોડા વખતમાં ફાટી જાત અને પરિણામે દુઃખદાયક થાત. અને આ તો એમણે મને મોક્ષની પાઘડી બાંધી. એમનો તો મારા પર બહુ ઉપકાર થયો."

ઠેઠ સુધી આવા શુદ્ધ પરિણામમાં અડગ રહી સમતાભાવમાં રહેવાથી આત્મદશાની શ્રેણીઓ ચડતા ગયા. અંતે તમામ કર્મોનો ક્ષય થઈ કેવળજ્ઞાન પ્રગટ થયું. અને એ જ વેળા એમની ખોપરી ફાટી. ગજસુકુમાર નિર્વાણ પામી મોક્ષે ગયા.

"અગ્નિ તો સ્થૂળ છે અને મારું સ્વરૂપ સૂક્ષ્મ છે. અગ્નિ મને શી રીતે બાળી શકે?"




જા
ણ
વા
જે
વું

# છ આરા

જેમ અત્યારે કળિયુગ ગણાય છે ને, કળિયુગ એટલે એવો (યુગ) સમય કે જ્યાં દુઃખ વધારે હોય, પાપ વધારે હોય. એ જ રીતે આપણાં ભરતક્ષેત્રમાં કુલ ૧૨ પ્રકારના (યુગ) સમય છે. જેને 'આરા' કહેવામાં આવે છે.

એમાં પહેલો આરો છે-સુષમા સુષમ. એટલે કે આ આરામાં સુખ જ સુખ હોય. આ આરાના લોકો અતિશય લાંબુ જીવનારા હોય. ત્રણ ગાઉ જેટલી ઊંચી હાઈટ હોય. તેઓ દર ચોથે દિવસે જમે. આ કાળને યુગલિયા કાળ કહેવાય. યુગલિયા એટલે 'જોડકા'. આ કાળમાં બધી સ્ત્રીઓને જોડકાં બાળકો જ જન્મે, અને મોટા થઈને એ બન્ને જ લગ્ન કરે. અને તેઓ પણ જોડકા બાળકને જ જન્મ આપે. અંતે બંને સાથે જ મૃત્યુ પામે. આ કાળમાં દરેક પ્રકારની ઈચ્છા પૂર્ણ કરનારાં કલ્પવૃક્ષો હોય. કલ્પવૃક્ષો એટલે એવાં વૃક્ષો, જેમની પાસેથી જે ઈચ્છા કરીએ એ મળે. તેથી એ કાળના જીવોને કંઈ મેળવવા મહેનત, મજુરી કે પૈસાની જરૂર ન પડે.

બીજા આરાનું નામ સુષમ એટલે કે સુખવાળો. આ કાળમાં પણ યુગલિયા હોય, તેઓ દર ત્રીજે દિવસે જમે, હાઈટ બે ગાઉ ઉંચા, લાંબા આયુષ્ય અને કલ્પવૃક્ષોની હાજરી પણ હોય. પણ પહેલા આરા કરતા ઓછી ઈચ્છાઓ પૂર્ણ કરે.



ત્રીજા આરાનું નામ સુષમા દુષમ એટલે આ આરામાં સુખ વધારે અને દુઃખ ઓછું હોય, આ આરામાં પણ યુગલિયા જીવો હોય, કલ્પવૃક્ષો હોય પણ બીજા આરા કરતા ઓછી ઈચ્છાઓ પૂર્ણ કરે, એક ગાઉની હાઈટ હોય, દર બીજે દિવસે ભોજન કરનારા હોય, ત્રીજા આરામાં ભગવાન ઋષભદેવનો જન્મ થયો હતો. આ આરો પૂરો થવાનો હતો ત્યારે ભગવાને જાણ્યું કે હવે પછીના આરામાં કલ્પવૃક્ષો નહીં હોય અને, રોજ ભૂખ લાગશે વગેરે, તેથી તેમણે માનવજાતિને રસોઈ, હિસાબ, લેખન, તરવું, યુદ્ધકળા, સીવણ આદિ જીવનનિર્વાહ માટે જરૂરી ૭૨ કળાઓ શીખવી.

ચોથા આરાનું નામ - દુષમા સુષમ એટલે કે દુઃખ વધુ ને સુખ ઓછું. હાઈટ પાંચસો ધનુષ્યની હોય. આ કાળના મનુષ્યો રોજ જમે. બાકીના ૨૩ તીર્થંકરો આ આરામાં જન્મે.

પાંચમાં આરાનું નામ - દુષમ એટલે કે દુઃખ મુખ્ય કાળ, સો વર્ષનું આયુષ્ય અને ૬ ફૂટ હાઈટ. અત્યારે પાંચમો આરો ચાલે છે. આ કાળના જીવો એકબીજા સાથે લડે ઝઘડે. કુદરત પણ અનિયમીત હોય. અતિવૃષ્ટિ, દુકાળ, અછત વગેરે આ કાળનાં લક્ષણો છે.




છઠ્ઠા આરાનું નામ - દુષમા દુષમ એટલે કે દુઃખ જ દુઃખ, લોકો ૧૬ વર્ષની આયુષ્યવાળા હોય. ૨-૩ ફૂટની જ હાઈટ હોય. ગંગા નદી ખાબોચિયાં જેટલી, હિમાલય નાની ટેકરી જેટલો થઈ જશે. અતિશય ઠંડી, ગરમી અને વર્ષા આ કાળમાં હોય. આ આરામાં અગ્નિ ન હોય તેથી લોકો માછલાંને ગરમ રેતીમાં શેકીને ખાય અને એકબીજાને ખોપરી તોડી એમાં પાણી પીવે, આ કાળમાં ધર્મ સંપૂર્ણ નાશ પામે. જેમ જેમ પાપકર્મ વધતાં જાય એમ એમ છઠ્ઠા આરામાં જન્મ થાય.

છઠ્ઠા પછી ફરી છઠ્ઠો, પાંચમો, ચોથો, ત્રીજો, બીજો અને પહેલો એમ ફરી છ આરા આવે. એમાં ફરી ૨૪ તીર્થંકરો થાય. આમ કુલ બાર આરા પૂરા થાય ત્યારે એક કાળચક્ર પૂરું થયું ગણાય.

# પઝલના જવાબો

૧



૨ જવાબ: (૧) ભાવના સુધારે ભવોભવ

જવાબ: (૨) હેતુ વગર પૈસા ખર્ચવા એ ગુનો છે

૩

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઉ | કે | લ | મં | દી | ર |
| કે | ર | મ | દી | ન | તા |
| લ | મ | ણા | ર | તા | ળુ |

૫






સ્ટોરી ટેલીંગ, ક્રાફ્ટ એક્ટીવીટીઝ, રમત ગમત, ભક્તિ-ગરબા અને ગ્રુપ ફોટો વગેરેથી રસાળ કિડસ કેમ્પની ઝલકો...

## બેંગ્લોર









Akram Express

May 2012
Year : 4, Issue : 9
Conti. Issue No.: 45

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2012
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month




**<u>અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના</u>**

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##.**

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.